સુઘડ કેનાલ બહાર બેગ મુકીને યુવાને લગાવી મોતની છલાંગ

નવા નિકોલના યુવાને કોઈ કારણોસર આપઘાત કરી જીવન ટુંકાવ્યું : અડાલજ પોલિસે કેનાલમાંથી મૃતદેહ કઢાવી તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૧

અડાલજ નજીક આવેલી સુઘડ નર્મદા કેનાલ બહાર ગઈ કાલે સાંજે પોતાની બેગ મુકીને નવા નિકોલ વિસ્તારના એક યુવાને કેનાલમાં મોતની છલાંગ લગાવી આપઘાત કરી લીધો હતો. અડાલજ પોલિસને ઘટનાની જાણ થતા મૃતદેહ બહાર કઢાવી પી.એમ. કરાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ પાસે આવેલી સુઘડ નર્મદા કેનાલ બહારથી ગઈ કાલે સાંજે એક બેગ મળી આવી હતી. અડાલજ પોલિસે બેગ લઈને તપાસ કરી તો અંદરથી મળેલા ઓળખકાર્ડ આધારે ખબર પડી કે આ બેગ અમદાવાદના નવા નિકોલ ખાતે આવેલી અમરનાથ પાર્ક સોસાયટીમાં મકાન નં. સી-૧૪માં રહેતા ૨૨ વર્ષીય યુવાન હિરેન પ્રવિણભાઈ ઉકાણીની હતી. તેના પરિવારજનોનો સંપર્ક કરી તપાસ કરતા જાણવા મળ્યું કે બપોરથી હિરેન કયાંક ચાલ્યો ગયો છે. કેનાલમાં છલાંગ લગાવી દેનાર હિરેનની શોધખોળ દરમિયાન આજે સવારે સુઘડ કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલિસ મથકના જમાદાર અરવિંદજીએ મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેણે કયાં કારણોસર આ પગલું ભર્યું તે આપઘાતનું કારણ બહાર લાવવા ઉંડી તપાસ શરુ કરી છે. જો કે હજુ સુધી આપઘાત કરવા પાછળનું કોઈ સ્પષ્ટ કારણ બહાર આવ્યું નથી. આ યુવાન કોઈ ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો તો બીજી તરફ પોલિસ સમક્ષ અપાયેલા નિવેદન મુજબ યુવાનનો પગ લપસી જતા મૃત્યુ થયું હોવાનું કહેવું છે. બંને દિશામાં પોલિસે તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરમાં માર્ગ અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. રોકેટગતિએ બેફામ વાહનો હંકારતા વાહનચાલકો ગમે ત્યારે અકસ્માત નોતરે છે. શહેરમાં ટ્રાફિક નિયમનનું સરેઆમ વાહનચાલકો ઉલ્લંઘન કરતા નજરે પડે છે. ત્યારે રવિવારની મોડી સાંજે જીજે. ૨૦.એમ.૧૪૧૦ લઈને સે. ૬માંથી સે. ૩ તરફ જઈ રહેલા બાઈકચાલકને ગ-૨ થી ઘ-૨ તરફ જઈ રહેલી જીજે.૧૮.બી.જી.સી-૧૧૨ના ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલકને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ દ્વારા સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે માર્ગ અકસ્માતને પગલે થોડીવાર માટે ટ્રાફિકજામ થઈ જવા પામ્યો હતો.

ન્યુ શહેરી વિસ્તારમાં પણ ડોર-ટુ-ડોર કચરો લેવાય તેવી રહીશોની માંગ

ગાંધીનગર,તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકા તંત્ર દ્વારા ડોર-ટુ-ડોર કચરો લેવામાં આવે છે. નિયમ સમયે પાલિકાની ગાડી ઘરના દરવાજા પાસે આવીને ઉભી રહે છે અને વસાહતીઓ દ્વારા કચરાનો નિકાલ પણ કરવામાં આવે છે. ત્યારે બીજીતરફ ન્યું ગાંધીનગર વિસ્તારમાં ટ્રેકટર દ્વારા વસાહતીઓ પાસેથી કચરો લેવાય છે તેમજ તેનો કોઈ સમય નક્કી હોતો નથી કે ક્યારે આવશે. જયારે કચરો નાંખવા માટે પણ તંત્ર દ્વારા નિયત સ્થળે મુકવામાં આવેલ કચરા પેટી પણ ભરાઈ જાય છે.મોટાભાગના ન્યું શહેરી વિસ્તારમાં ગમે ત્યા કચરો નાખેલો જોવા મળશે અને ગંદકીથી ખદબદતા વિસ્તારને કારણે નાગરીકો પણ હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ તંત્ર દ્વારા શહેરી વિસ્તાર જેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ન્યું ગાંધીનગર કુડાસણ, રાયસણ, રાંદેસણ તેમજ સરગાસણ સહિતના વિસ્તારમાં અનેક સોસાયટીઓ, ફેલટ, બંગ્લોઝ, સહિતના મકાનો આવેલા છે. જેમાં લાખોની સંખ્યામાં વસાહતીઓ વસવાટ કરે છે. શહેરી વિસ્તારમાં મનપા તંત્ર દ્વારા ઘર પાસે નિયત સમયે દરરોજ કચરાની ગાડી આવે છે અને વસાહતીઓ દ્વારા કચરાનો યોગ્ય નિકાલ પણ થાય છે.ત્યારે ન્યું ગાંધીનગરમાં પણ કચરાની નિકાલ વ્યવસ્થા છે પરંતુ કચરો ટ્રેકટરમાં લેવા આવે છે. તેમજ કચરો લેવા માટે આવનાર કર્મચારીઓ નિયમિત સમયે આવતા નથી. જેથી કચરો લેવા માટે વાહન આવે ત્યારે કેટલાક વસાહીતઓ ઘરે પણ હોતા નથી. જેને પગલે તેઓ કચરો ત્યારબાદ તંત્ર દ્વારા મુકવામાં આવેલ કચરા પેટીમાં નાંખે છે. કચરો મોટીમાત્રામાં આવતો હોવાથી કચરાપેટી પણ ઉભરાઈ જઈને કચરો બહાર માર્ગની આસપાસ ફેલાય છે. જેથી અસ્હ્ય ગંદકી અને દુર્ગંધ મારતા નાગરીકો પણ હેરાન થઈ ઉઠે છે.ત્યારે શહેરી વિસ્તાર જેવી કચરા નિકાલની વ્યવસ્થા ન્યું ગાંધીનગરમાં પણ ગોઠવાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

સુરેશ હત્યા કેસમાં બંને શખ્સ પાંચ એપ્રિલ સુધી રિમાન્ડ પર

અમદાવાદ,તા.૧

શહેરના વાસણા વિસ્તારમાં આવેલા વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં થોડા દિવસો પહેલાં જ ધોળાદહાડે ફાયરીંગ કરી સુરેશ શાહ નામના ટ્રાન્સપોર્ટના વેપારીની કરપીણ હત્યા કરવાના ચકચારભર્યા કેસમાં પકડાયેલા આરોપી એલમખાન મુરીદખાન જતમલેક અને રફીક અબ્દુલભાઈ સુમરાને ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ આજે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઘી કાંટા ફોજદારી કોર્ટમાં રજૂ કર્યા હતા. જેમાં કોર્ટે બંને આરોપીઓને તા.૫મી એપ્રિલ સુધીના ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો. ક્રાઈમબ્રાંચ તરફથી બંને આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. ક્રાઈમબ્રાંચ તરફથી રિમાન્ડ અરજીમાં જણાવાયું હતું કે, સુરેશ શાહ હત્યા કેસમાં શહેર ક્રાઈમબ્રાંચે વાસણા એપીએમસી પાસેથી ગઈકાલે આરોપી એલમખાન મુરીદખાન જતમલેક અને રફીક અબ્દુલભાઈ સુમરાની ધરપકડ કરી લીધી હતી.

વી.કેર ફાઉન્ડેશન દ્વારા શ્રમિકોને ચંપલ વિતરણ

ગાંધીનગરની સેવાકીય સંસ્થા વી કેર ફાઉન્ડેશન સંસ્થા દ્વારા હરહંમેશા ગરીબ પરિવારોને મદદરૂપ થાય છે. ત્યારે ઉવારસદ ખાતે રહેતા શ્રમિકોને ચંપલ વિતરણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં ચંપલ વિના ફરતા ગરીબ પરિવારના બાળકો તેમજ પરિવારના સભ્યોને ચંપલ તેમજ સ્લીપરનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે વી કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ, ગણેશભાઈ તથા બારોટભાઈ સહિતના સેવાભાવી નાગરીકો હાજર રહ્યા હતા.

ગુજરાત નગરપાલિકા પરિષદની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સ્થિત નગરપાલિકા પરિષદ ભવન ખાતે ગુજરાત નગરપાલિકા પરિષદના પ્રમુખ પોપટભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પરિષદની સામાન્યસભા મળી હતી. જેમાં વિવિધ હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સામાન્યસભામાં વાર્ષિક હિસાબો તથા અંદાજપત્રો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. ઉપરાંત અનેક પ્રશ્નો અંગે પણ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં અગાઉ નગરપાલિકા પરષિદના પ્રમુખની કેટલીક સત્તાઓ શહેરી વિકાસ વિભાગે પરીપત્ર કરી આંચકી લીધી હતી તેને રદ કરી જૂનો પરીપત્ર શરૂ કરવા, ગુજરાતની ૬૦ થી ૭૦ નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની ખાલી જગ્યાઓ પર નિમણુંક આપવા તથા નગરપાલિકાનું બોર્ડ ચીફ ઓફિસરની ભરતી નિમણુંક કરે, વર્તમાનમાં અહેવાલ કલેક્ટર લખતા હોવાથી ચીફ ઓફિસર પ્રમુખની સૂચનાનો અમલ કરતા નથી તેથી આ પ્રથા બંધ કરી પહેલાની જેમ પ્રમુખને ખાનગી અહેવાલ લખવાની સત્તા પાછી આપવી જોઈએ તથા ધારાસભ્યોની જેમ નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોને પણ માનદવેતન મળવુ જોઈએ વગેરે મુદ્દાઓની રજૂઆત કરી નગરપાલિકાના ઉપરોક્ત પ્રશ્નો બાબતે એક આવેદનપત્ર તૈયાર કરી મુખ્યમંત્રી અને શહેરી વિકાસ મંત્રીને કારોબારી સભ્યો રજૂઆત કરશે.

હાટકેશ શોભાયાત્રા : ગાંધીનગરના નારદીપુર ગામે પૌરાણિક હાટકેશ્વર મંદિરેથી હાટકેશ જયંતિની ઉજવણીના ભાગરૂપે નાગર પરિવારો દ્વારા શોભાયાત્રા યોજાઈ હતી. અમદાવાદ - ગાંધીનગર સ્થિત નારદીપુરના વતની નાગર પરિવારો દ્વારા હાટકેશ મંદિરે લઘુરુદ્ર યોજાયો હતો અને સાથો સાથ હાટકેશ્વર દાદાની પાલખી યાત્રા પણ યોજાઈ હતી. મોટી સંખ્યામાં નાગર પરિવારો જોડાયા હતા.

ગાંધીનગર-કલોલ-દહેગામ-ચાંદખેડા ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

ધો-૮ પાસથી વધુ લાયકાત ધરાવતા તેમજ આઈટીઆઈ ઉમેદવારો ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા.૧

એપ્રેન્સીટ તાલિમ યોજનામાં કુશળતા મેળવતા ઉમેદવારોને ઔધોગીક વાતાવરણમાં જ તાલિમ મેળવવાની તક પુરી પાડે છે. તાલિમની સાથે નિયત દરે સ્ટાઈપેન્ડ મળવા પાત્ર થાય છે. આ યોજના વધુમા વધુ ઉમેદવારો જોડાય તે માટે મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાં આવેલ જુદા-જુદા એકમોમાં એપ્રન્ટીસોની બેઠકો ભરવા માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ધો-૮ પાસ થી વધુ કોઈપણ લાયકાત ધરાવતા ઉમેદવારો તેમજ આઈટીઆઈ પાસ ઉમેદવારો ભાગ લઈ શકશે. એપ્રેન્ટીસ બેઠકો કયા વ્યવસાયમાં, કયા એકમમાં ખાલી છે.તેમજ તેની શૈક્ષણિક લાયકાતની વિગતો ગાંધીનગર સંસ્થાની વેબસાઈટ ગાંધીનગર આઈટીઆઈ.ઓઆરજી.ઈન ઉપર જોઈ શકાશે.

આ યોજનામાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોને તેઓના પ્રમાણપત્ર અને આધારકાર્યની અસલ નકલ તેમજ ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે નીચે જણાવેલ સ્થળે ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે. જેમા તા. ૫ એપ્રિલને ગુરુવારના રોજ સવારે ૯ થી સાંજે ૫ કલાક દરમિયાન મુ.આરસોડીયા તા.કલોલ, ઔધોગીક તાલિમ સંસ્થા ફોન નં-૦૨૭૬૪-૨૨૩૫૨૩, ઔધોગીક તાલિમ સંસ્થા દહેગામ સિવિલ કોર્ટ સામે તા.૬ એપ્રિલના રોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન ફોન નં-૦૨૭૧૬-૨૩૩૯૦૧, ઔધોગીક તાલિમ સંસ્થા ચાંદખેડા આઈઓસી રોડ વ્રજ ટેનામેન્ટ સામે તા.૭ એપ્રિલના રોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન ભરતી મેળો યોજાશે.

જયારે તા.૯ એપ્રિલને રોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન સેકટર-૧૫ ફતેપુરા આઈટીઆઈ ફોન- ૦૭૯-૨૩૨૨૧૯૫૪ ભરતી મેળાનું આયોજન કરાયું છે.ઉપરાંત એપ્રેન્ટીસમાં જોડાવવા માટે તા.૧ થી ૧૫ એપ્રિલ સુધી જે તે સંસ્થા ખાતે રજીસ્ટ્રેશન કરાવી શકાશે તેની નોંધ લેવા જણાવાયું છે.

ભાટ ગામે ગેલેક્સી હોટલ ઈનનો કર્મચારી કેસ કાઉન્ટરમાંથી ૧.૭૯ લાખની રોકડ લઈ ફરાર

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ માર્ગ પર ભાટ ગામ પાસે આવેલી ગેલેક્સી હોટલ ઈન હોટલના રીસેપ્સનીસ્ટ શખ્સે હોટલના કેસ કાઉન્ટરમાંથી મોડી રાત્રે ૧.૭૯ લાખની રોકડ લઈ ફરાર થઈ ગયો હતો. આ મામલે હોટલના મેનેજર અશ્વિન પટેલે અડાલજ પોલીસ મથકમાં ચોરી અંગે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર ઈન્દીરાબ્રિજ માર્ગ પર ભાટ ગામે ગેલેક્સી હોટલ ઈન હોટલ આવેલી છે. જ્યાં છેલ્લા ઘણા સમયથી પ્રવિણ કાલુરામ ગોસ્વામી નામનો યુવક રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતો હતો. આ યુવક ગત રોજ પણ નિયમ મુજબ નોકરીએ આવ્યો હતો. દરમિયાન રાત્રીના ૨.૩૦ કલાક બાદ હોટલના કેસ કાઉન્ટરમાંથી રૂ. ૧,૭૯,૮૨૦ની રોકડ રકમ અને રૂ. ૧૮,૫૦૦ની કિંમતનો ઓપો મોબાઈલ લઈ કોઈ પણ જાતની જાણ કર્યા વગર હોટલ રજળતી મુકી ફરાર થઈ ગયો હતો.

સવારની સીપ્ટ બદલાતા સંદિપ સાંબલેને કેસ કાઉન્ટર ખાલી ખમ જોવા મળતા અન્ય કર્મચારીઓની પુછપરછ કરી સીસીટીવી કેમેરાના ફુટેજ જોતા પ્રવિણ રોકડ લઈ ફરાર થઈ ગયો હતો. આ ચોરી અંગે મેનેજરને જાણ થતા મેનેજર અશ્વિન પટેલે અડાલજ પોલીસને જાણ કરતા પોલીસઘટનાસ્થળે દોડી આવી હતી અને રોકડની ચોરી અંગે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એપ્રિલ બદલીની મોસમનો મહિનો: CM વિજય રૂપાણી વહીવટમાં ફેરબદલ કરવાના મૂડમાં છે

ગુજરાતના વહીવટી તંત્રમાં બદલીઓની મોસમ આવી રહી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કલેક્ટરો, ડીડીઓ, વિભાગોના સિનિયર ઓફિસરો તેમજ મહાનગરોના મ્યુનિસિપલ કમિશનરો સહિત જથ્થાબંધ ટ્રાન્સફરો આવી રહી છે. ખાસ કરીને જેમની પાસે વધારાના હવાલા છે તેમને મુક્ત કરવામાં આવશે. રાજ્યના ઉદ્યોગ અને નાણાં વિભાગમાં કાયમી પોસ્ટીંગ કરવાનું બાકી છે. જે વિભાગોમાં બદલી થવાની છે તેમાં નાણાં, ઉદ્યોગ, ઉર્જા, સામાન્ય વહીવટ વિભાગ, આરોગ્ય, સાયન્સ એન્ડ ટેકનોલોજી, ટુરિઝમ અને શ્રમ-રોજગારનો સમાવેશ થાય છે. આ વિભાગોના ઉચ્ચ આઈએએસ અધિકારીઓને બદલવામાં આવી શકે છે. સચિવાલયમાં ચર્ચાઈ રહ્યું છે કે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના શહેરોમાં મ્યુનિસિપલ કમિશનરો બદલાઈ શકે છે. ૨૦થી વધુ જિલ્લા કલેક્ટરોની યાદી પણ બનાવવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી આઈએએસની જેમ આઈપીએસ અને આઈએફએસ ઓફિસરોના હાલના પોસ્ટીંગમાં પણ ફેરફારો કરી શકે છે. જે ઓફિસરો ત્રણ કે તેથી વધુ વર્ષથી એક જ વિભાગમાં ફરજ બજાવતા હોય તેમની યાદી પણ બનાવવામાં આવી છે.

● વન નેશન, વન ઇલેક્શન, કૌન માનેગા...

લોકસભાની ચૂંટણીમાં ૨૦૧૪માં જ્યારે ભાજપ તરફથી નરેન્દ્ર મોદીએ પ્રચાર શરૂ કર્યો હતો ત્યારે તેમણે એવો સંકેત આપ્યો હતો કે એક નેશન, એક ઈલેક્શન.. એટલે કે લોકસભાની સાથે તમામ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી એકસાથે થાય તો ચૂંટણીનો ખર્ચ બચી શકે છે. જો દેશની તમામ પાર્ટીઓ સહમત થાય તો સરકાર આ ફેરફાર કરી શકે છે. ભારતના ચૂંટણી પંચમાં એવો પણ સુધારો કરવાની ભલામણ કરવામાં આવી છે કે કોઈ કારણોસર લોકસભા કે વિધાનસભાની બેઠક ખાલી પડે તો ચૂંટણીમાં બીજાક્રમે મત મેળવ્યા હોય તે ઉમેદવારને સંસદ કે ધારાસભ્ય બનાવી શકાય. દેશમાં વર્ષે સરેરાશ છ ચૂંટણી યોજાય છે જેના કારણે વહીવટી તંત્ર પડી ભાંગે છે. એક સર્વે પ્રમાણે ૨૦૦૯માં થયેલી લોકસભાની ચૂંટણીમાં ૧૧૧૫ કરોડ અને ૨૦૧૪ની ચૂંટણીમાં ૩૮૭૫ કરોડનો ખર્ચ થયો હતો. એક વિધાનસભાની ચૂંટણીમાં ૫૦૦ કરોડનો ખર્ચ ગણીએ તો પણ ૩૧ રાજ્યોમાં ૧૫૫૦૦ કરોડનો ખર્ચ થાય છે. આ સંજોગોમાં દેશમાં પહેલા તબક્કામાં નીતિ આયોગની ભલામણ પ્રમાણે લોકસભા અને ૧૫ રાજ્યોની તેમજ બીજા તબક્કામાં બે વર્ષ પછી ૧૬ રાજ્યોની ચૂંટણી એકસાથે કરી શકાય તેમ છે. મોદી સરકાર આ દિશામાં આગળ વધી રહી છે પરંતુ વિપક્ષોનો ટેકો મળે તેવી શક્યતા નહીંવત છે. જો આમ થાય તો દેશમાં ચૂંટણીના વર્ષોવર્ષ થતાં ખર્ચાને અટકાવી શકાય છે.

● પ્રોપર્ટી રિટર્નમાં પારદર્શકતા હોવી જરૂરી છે...

ભારત સરકારની તમામ સર્વિસમાં એટલે કે આઈએએસ, આઈપીએસ, આઈપીએસ સહિતની કેડરમાં નિયમ પ્રમાણે પ્રોપર્ટીનું રિટર્ન ભરવું ફરજીયાત છે. જે ઓફિસરો રિટર્ન ફાઈન નહીં કરે તેમની સામે શિસ્તભંગના પગલાં પણ લેવામાં આવે છે. નવા સુધારા પ્રમાણે ઓફિસરોએ રિટર્ન ફાઈલ કરતી વખતે તેમની અને તેમના પરિવારના સભ્યોની મિલકતો જાહેર કરવાની રહેશે. દેશની જનતાની પ્રોપર્ટી ખુલ્લી કરી દેનારી સરકાર વહીવટી અધિકારીઓની પ્રોપર્ટી પણ સાર્વજનિક કરી શકે છે. પ્રોપર્ટી રિટર્ન ઓનલાઈન મૂકવામાં આવે છે કે જેથી લોકો તેમના સેવકોની મિલકતો જાણી શકે. ઓફિસરોને મુશ્કેલી એટલા માટે થઈ શકે તેમ છે કે તેમણે તેમની પત્નિ તેમજ પુખ્ત બાળકોની પ્રોપર્ટી પણ જાહેર કરવી પડશે. ભારત સરકારની નોકરી કરતા ઓફિસરોમાં ગુજરાતની સંખ્યા ૫૦૦ની આસપાસ થાય છે. જો કે ગુજરાત સરકારના ઓફિસરોને પણ પ્રોપર્ટી જાહેર કરવાની હોય છે પરંતુ તેમની એફિડેવિટ ઓનલાઈન થતી નથી, ઓનલાઈન માત્ર ભારત સરકારની કેડરના અધિકારીઓની જ થાય છે.

● ગુજરાત વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ની તૈયારી...

ગુજરાત સરકારમાં સૌથી વધુ બિઝી છે તેવા અધિકારીઓમાં મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથન, રાજ્યના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘ અને મુખ્યમંત્રીના અગ્રસચિવ મનોજ કુમાર દાસ છે. કેમ કે તેમના માથે આખી સરકારની જવાબદારી છે. લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૯ યોજાવાની છે ત્યારે તેની તૈયારી અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. મનોજ કુમાર દાસ ઉદ્યોગ વિભાગનો હવાલો ચાલુ રાખે કે તેમની જગ્યાએ બીજા કોઈ ઓફિસરને પોસ્ટીંગ આપવામાં આવે—તેમના માટે તો વાયબ્રન્ટની કામગીરીમાં કોઈ ફરક પડવાનો નથી. તેમના માથે ડબલ ડ્યુટી છે. છેલ્લી વાયબ્રન્ટ સમિટમાં હાલના ઈન્ડસ્ટ્રીઝ કમિશન મમતા વર્માએ કામ કર્યું છે પરંતુ ૨૦૧૯માં તેઓ ઉદ્યોગ વિભાગમાં રહીને કરી શકશે નહીં, કારણ કે તેમની ટ્રાન્સફર થઈ રહી છે. તેમની જેમ ઈન્ડેક્ષ્ટ-બીના એમડી રાજકુમાર બેનિવાલ પણ બદલાઈ શકે છે. તેમનું પોસ્ટીંગ સુરત, વડોદરા કે રાજકોટમાં થઈ શકે છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના એમડી ડી. થારા પણ ચેન્જ થાય તેવી સંભાવના છે. એટલે કે ૨૦૧૯ વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉદ્યોગની નવી ટીમ તૈયાર કરે તેમ મનાય છે.

● પ્રભારી મંત્રી અને સચિવની જેમ પોલીસ કેમ નહીં...

ગુજરાતના વિકાસ માટે સરકારે પ્રભારી મંત્રી અને પ્રભારી સચિવની જગ્યા શરૂ કરી છે. આ સિસ્ટમમાં મંત્રી કે અધિકારીને જે જિલ્લાના પ્રભારી બનાવવામાં આવે છે તેમણે તેમના જિલ્લાનો પ્રવાસ કરીને સરકારને રિપોર્ટ આપવાનો હોય છે. રાજ્યના એક સિનિયર આઈપીએસ ઓફિસરે કહ્યું હતું કે મંત્રી અને આઈએએસ ઓફિસરોને પ્રભારી બનાવી શકાતા હોય તો આઈપીએસ ઓફિસરોને કેમ બનાવવામાં આવતા નથી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પ્રત્યેક જિલ્લા અને તાલુકાને પણ લાગુ પડતી હોય છે. ઘણાં એવા આઈપીએસ ઓફિસરો હોય છે કે જેમની પાસે પુરતું કામ નથી તેમને પ્રભારી આઈપીએસ તરીકે નિયુક્ત કરી શકાય છે. પ્રભારી એટલે ડિસ્ટ્રીક્ટ ઈન્ચાર્જ ઓફિસર. પોલીસ ઓફિસરો પણ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં જોડાતા હોય છે. પોલીસ ભવનના ઓફિસરોને પણ પ્રભારી બનાવી શકાય છે. જો કે ગુજરાતનો તાલુકા સરકારનો કન્સેપ્ટ ફેઈલ થયો છે. લોકો હવે તાલુકા કે જિલ્લાના કામો લઈને સીધા ગાંધીનગર આવી રહ્યાં છે, કારણ કે જિલ્લાસ્તરના વહીવટી તંત્રમાં કામો નહીં થતાં હોવાની ફરિયાદો વધી છે.

● સરકાર વિભાગોની મોબાઇલ એપ્સ શરૂ કરે...

સરકારના વહીવટી તંત્રને શિથિલ થતું બચાવવા માટે પબ્લિક ડોમેઈનમાં રહેલા વિભાગોમાં જાહેર જનતા માટે મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવાની આવશ્યકતા છે. આ મોબાઈલ એપ્લિકેશન ફરિયાદ લઈને તેનો નિવેડો લાવી શકે છે. રાજ્યના મંત્રીઓ કે ઓફિસરો તેમના મેઈલ એકાઉન્ટમાં કોઈ રિપ્લાય આપતા નથી ત્યારે આવી એપ્સ લોકો માટે આશીર્વાદ સમાન સાબિત થાય તેમ છે. આ એપ્સમાં સરકારે જે તે વિભાગની માહિતી ફીડ કરીને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરવા ઓનલાઈન સિસ્ટમ શરૂ કરવી જોઈએ. રાજ્યના ગૃહ, શિક્ષણ, મહેસૂલ, શહેરી વિકાસ, પંચાયત, શ્રમ અને રોજગાર તેમજ ઉદ્યોગ વિભાગમાં એપ્સ શરૂ કરીને લોકોને ન્યાય આપવો જોઈએ. આમ થશે તો તે ગુજરાતનો પહેલો પ્રયોગ હશે. સરકારે વહીવટ સુધારવા તેમજ ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લેવા માટે અરજદારોને ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમનો સીધો લાભ આપવો જોઈએ. લોકો તેમની અરજીનો સમયસર નિકાલ થાય છે કે કેમ તે જોઈ શકે. ફાઈલ ક્યાં અટકી છે તે અરજદારને ખબર પડવી જોઈએ. ભાજપની સરકાર પારદર્શતાની વાતો કરે છે ત્યારે લોકોને ઝડપી ન્યાય મળે તે માટે સ્માર્ટફોનના સમયમાં લોકોને ત્વરીત ન્યાય મળી રહે તે જરૂરી છે. મહેસૂલ વિભાગમાં અધિક મુખ્ય સચિવ પંકજકુમારે તમામ જિલ્લા કલેક્ટરોને ટ્વિટર હેન્ડલ આપીને લોકોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ કરવાનો પ્રયોગ કર્યો છે જે સરાહનિય છે. મહેસૂલ વિભાગમાં પણ આવી મોબાઈલ એપ્લિકેશન શરૂ થવી જોઈએ.

● સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ પ્રામાણિક છે...

ગુજરાત વિઝીલન્સ કમિશનના રિપોર્ટમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે સરકારમાં સૌથી વધુ ફરિયાદો અથવા તો અરજીઓ મહેસૂલ વિભાગમાં આવે છે. એક વર્ષમાં આ વિભાગમાં ગેરરીતિની સૌથી વધુ ૧૨૬૮ ફરિયાદો વિઝીલન્સ કમિશનને મળી છે. ગુજરાત વિઝીલન્સ કમિશનના ૫૩મા છેલ્લા અહેવાલમાં સરકારના વિવિધ વિભાગો અને બોર્ડ-કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર થતો હોવાના આંકડા પ્રકાશિત કરવામાં આવ્યા છે. મહેસૂલ પછીનું સ્થાન શહેરી વિકાસ વિભાગનું આવે છે. આ વિભાગમાં ૧૨૫૨ ફરિયાદો એક વર્ષમાં મળી છે. ત્રીજાસ્થાને ૧૦૩૯ ફરિયાદો સાથે રાજ્યનો પંચાયત વિભાગ આવે છે. કમિશનને રાજ્યના ૨૫ વિભાગોમાંની ફરિયાદો મળી છે. ચોથાક્રમે ૧૦૫૩ અરજીઓ સાથે ગૃહ વિભાગનો નંબર આવે છે. રાજ્યમાં એક વર્ષમાં ૨૫ વિભાગોમાં ૭૭૪૪ ફરિયાદો થયેલી છે. જે વિભાગમાં ભ્રષ્ટાચારની ફરિયાદ થતી નથી તેમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ આવે છે. એક વર્ષમાં આ વિભાગમાં માત્ર એક જ ફરિયાદ થયેલી છે પરંતુ તેમાં તથ્ય નહીં હોવાથી દફતરે કરવામાં આવી છે. વર્ષ દરમ્યાન નોંધાયેલી ફરિયાદો પૈકી તથ્ય જણાતાં ૧૮ ફરિયાદો પ્રાથમિક તપાસ માટે મોકલવામાં આવી છે. ૪૨૮ કેસો હકીકતલક્ષી અહેવાલ માટે મોકલવામાં આવ્યા છે. ૫૧૦૬ કેસોમાં યોગ્ય કાર્યવાહી કરવા સરકારને જણાવવામાં આવ્યું છે. ૧૪૬ અરજદાર પાસેથી વધુ વિગતો માંગવામાં આવી છે જ્યારે ૨૦૪૫ અરજીઓ કમિશને દફતર કરી છે કારણ કે તેમાં કોઈ તથ્ય જણાયું નથી.

ન્યાય આપવો છે તો પબ્લિક ડીલીંગના વિભાગોમાં મોબાઇલ એપ્સ શરૂ કરો

રેવન્યુ, અર્બન, પંચાયત અને હોમ-CVCમાં સૌથી વધુ ફરિયાદો મળી છે

CM એ વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ની તૈયારી શરૂ કરી, હવે નવી ટીમ આવશે

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત